**કાર્યવાહી ।** દીપિકા ગાર્ડન અને વાઘોડિયા રોડ પર ગેરકાયદે દબાણકર્તાઓમાં ફફડાટ

# પૂર્વ વિસ્તારમાં દબાણો પર તંત્રનો 'હલ્લાબોલ'

**5 ટ્રક દબાણો હટાવી રસ્તાઓ 'ખુલ્લા' કરાયા | રોડ ડિવાઈડર - ફૂટપાથો પરથી 'ગંદકી' દૂર કરાઈ | 'વન ડે વન રોડ' ઝુંબેશને વધુ સઘન બનાવાશે | શહેરને સ્વચ્છ રાખવામાં નાગરિકોનો 'સહયોગ' જરૂરી**

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા શહેરને સ્માર્ટ સિટીની સાથે સ્વચ્છ અને સુવિધાજનક બનાવવાના મક્કમ નિર્ધાર સાથે વડોદરા મહાનગરપાલિકા દ્વારા કાર્યરત 'વન ડે વન રોડ' ઝુંબેશ હેઠળ બુધવારે શહેરના પૂર્વ અને ઉત્તર વિસ્તારમાં પાલિકા તંત્રએ આક્રમક કામગીરી હાથ ધરી હતી. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ જાતે જ મેદાનમાં ઉતરીને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને શહેરના માર્ગો પર ગંદકી કરનારા તત્વો સામે લાલ આંખ કરી હતી.



પાલિકા તંત્ર દ્વારા બુધવારે સવારથી જ શહેરના પૂર્વ વિસ્તારમાં વાઘોડિયા રોડ પર આવેલા ઉમા ચાર રસ્તાથી પાણીગેટ આયુર્વેદિક ત્રણ રસ્તા સુધીના મુખ્ય માર્ગ પર વિશેષ સફાઈ અને દબાણ દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. દબાણ શાખાની ટીમે રસ્તા પર નડતરરૂપ એવી લારી-ગલ્લા, પથારા અને દુકાનોની બહાર ગેરકાયદેસર રીતે લગાડવામાં આવેલા બોર્ડ-હોર્ડિંગ્સ દૂર કર્યા હતા. આ કામગીરી દરમિયાન અંદાજે ત્રણ ટ્રક જેટલો માલ-સામાન જપ્ત કરવામાં આવ્યો હતો.

બીજી તરફ, કારેલીબાગ વિસ્તારમાં આવેલા દીપિકા ગાર્ડન આસપાસના માર્ગો પર પણ પાલિકાની ટીમે સપાટો બોલાવ્યો હતો. અહીં ફૂટપાથ અને માર્જિનની જગ્યા રોકીને બેસતા લારી-ગલ્લા તેમજ રસ્તા પર ઊભા કરી દેવાયેલા શક્કરટેટીના ગેરકાયદે તંબુઓ અને ચાની કિટલીઓ હટાવી દેવામાં આવી હતી. અહીંથી વધુ બે ટ્રક સામાન જપ્ત કરાતા બુધવારની સમગ્ર કામગીરી દરમિયાન કુલ પાંચ ટ્રક જેટલો સામાન પાલિકાના ડેપોમાં જમા લેવાયો હતો.

નિરીક્ષણ દરમિયાન મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ શહેરની સુંદરતા બગાડતા તત્વો સામે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે નાગરિકોને નમ્ર અપીલ કરતા જણાવ્યું હતું કે, પાલિકા તંત્ર શહેરને સ્વચ્છ રાખવા માટે રાત-દિવસ મહેનત કરી રહ્યું છે, ત્યારે નાગરિકોએ પણ પોતાની જવાબદારી સમજવી જોઈએ. પાન-પડીકી ખાઈને જાહેર રસ્તાઓ કે ડિવાઈડર પર પિચકારીઓ મારી ગંદકી કરવી એ સભ્ય સમાજને શોભતું નથી. તેમણે લોકોને શહેરને સ્વચ્છ રાખવામાં સહયોગ આપવા વિનંતી કરી હતી. માત્ર દબાણ હટાવવા જ નહીં, પરંતુ માર્ગોના સૌંદર્યીકરણ માટે રોડ ડિવાઈડર પર જામેલી ધૂળ, કચરો અને નકામા ઘાસનો પણ નિકાલ કરવામાં આવ્યો હતો.

આગામી દિવસોમાં શહેરના અન્ય વોર્ડ અને મુખ્ય માર્ગો પર પણ 'વન ડે વન રોડ' ઝુંબેશ હેઠળ સઘન સફાઈ અને દબાણ હટાવવાની કામગીરી ચાલુ રાખવામાં આવશે તેમ પાલિકાના સૂત્રોએ જણાવ્યું હતું.

---

રોંગ સાઇડ પર પૂરઝડપે વાહનો દોડવનારાઓ પોલીસતંત્રને ચકમો આપી રહ્યાં છે!

# ઢોર માલિકોએ વાહનો પુરપાટ ઝડપે દોડાવી લોકોના જીવ જોખમમાં મૂક્યા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.25

વડોદરા શહેરમાં રખડતા ઢોરોને કારણે અનેકવાર અકસ્માતોના બનાવો બન્યા છે. જેમાં રખડતા ઢોરોને લઈને સર્જાયેલા અકસ્માતમાં કેટલાક નિર્દોષ નાગરિકોએ પોતાના જીવ ગુમાવ્યા તો કેટલાકને પોતાના અંગ ગુમાવવાનો વારો આવ્યો હતો. છતાં પણ આજે કેટલાક વિસ્તારમાં જાહેર માર્ગ ઉપર રસ્તા પર રખડતા ઢોરોનો અડીંગો જોવા મળતો હોય છે. પાલિકાની ઢોર શાખા દ્વારા ઢોર પકડવાની કાર્યવાહી કરવામાં આવતી હોય છે. પરંતુ, આ કાર્યવાહી દરમિયાન ઘણી વખત ઢોર માલિકો સાથે ઘર્ષણ ઊભું થતું હોય છે. ત્યારે આવી જ એક કામગીરી કિશનવાડી વિસ્તારમાં કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન ઢોર માલિકોએ પોતાના વાહનો પુરપાટ ઝડપે રોંગ સાઈડ પર દોડાવતા એક તબક્કે ત્યાંથી પસાર થતાં અન્ય વાહન ચાલકોના પણ જીવ જોખમમાં મુકાયા હતા. આ સમગ્ર ઘટનાના દ્રશ્યો કોઈ એક નાગરિક દ્વારા પોતાના મોબાઈલમાં કેદ કરી વાયરલ કર્યા હતા. ઢોર ડબ્બા પાર્ટી ના કર્મચારીઓ ઢોર પકડીને લઈ ન જાય તે માટે ઢોરોને બચાવવા ઢોર માલિકોએ પોતાના વાહનો પુર ઝડપે દોડાવ્યા હતા. જેના કારણે એક તબક્કે ઘટના સ્થળે હાજર લોકો ભયભીત થયા હતા.



---

વડોદરા પાલિકાની ઘોર સંવેદનહીનતા : રૂ. ૫ લાખના ખર્ચ સામે તંત્ર મૌન

# દબાણ શાખાના ઘાયલ કર્મચારીને 'ન્યાય' અપાવવા પરિવાર પાલિકા કચેરીએ ઉતર્યો!

( પ્રતિનિધિ ) વડોદરા,તા.25

મહાનગરપાલિકાના દબાણ શાખામાં છેલ્લા 18 વર્ષથી સિક્યુરિટી અને અન્ય કામગીરી કરતા ગોપાલભાઈ રબારી નામના કર્મચારી વોર્ડ નંબર 8માં ફરજ પર હતા. કામગીરી પતાવી ટેમ્પામાં પરત ફરી રહ્યા હતા ત્યારે ટેમ્પામાં ભરેલો સામાન ઝાડ સાથે અથડાતા ગોપાલભાઈ નીચે પટકાયા હતા. આ અકસ્માતમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ડોક્ટરોના જણાવ્યા મુજબ ઓપરેશન માટે અંદાજે 4 થી 5 લાખ રૂપિયાનો ખર્ચ થાય તેમ છે. ઈજાગ્રસ્ત કર્મચારીની પત્નીએ રડતી આંખે જણાવ્યું હતું કે, અકસ્માત થયાના ત્રણ દિવસ વીતી ગયા હોવા છતાં કોઈ અધિકારી કે કોન્ટ્રાક્ટર ખબર અંતર પૂછવા પણ આવ્યા નથી. પરિવારનો આરોપ છે કે જ્યારે તેઓએ મદદ માટે સંપર્ક કર્યો ત્યારે કોન્ટ્રાક્ટરે ફોન સ્વીચ ઓફ કરી દીધા હતા. વધુમાં, તેઓએ એવો પણ આક્ષેપ કર્યો કે કોન્ટ્રાક્ટર દ્વારા તેમને ધમકીઓ આપવામાં આવી રહી છે. જો દોઢ લાખ રૂપિયા તાત્કાલિક જમા નહીં થાય તો ઓપરેશન અટકી જવાની ભીતિ પરિવારે વ્યક્ત કરી છે. પાલિકાના અધિકારી મંગેશ જયસવાલના જણાવ્યા મુજબ, કર્મચારી કોન્ટ્રાક્ટ હેઠળ છે અને તેનો ESI નંબર પણ છે. તંત્રનો દાવો છે કે તેઓએ કર્મચારીને ESI હોસ્પિટલમાં સારવાર માટે મોકલવાની તૈયારી બતાવી હતી, પરંતુ પરિવારે જ ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવાનો આગ્રહ રાખ્યો હતો. હાલમાં સુરક્ષા એજન્સીના અધિકારીઓને પરિવાર સાથે સંકલન કરવા માટે મોકલવામાં આવ્યા છે. સ્થાનિકો અને પીડિત પરિવારમાં એ વાતને લઈને ભારે રોષ છે કે જ્યારે કોઈ નેતા કે કોર્પોરેટરને સામાન્ય ઈજા થાય ત્યારે આખું તંત્ર દોડતું થાય છે, પરંતુ વર્ષોથી સેવા આપતા એક ગરીબ કર્મચારી જ્યારે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતો હોય ત્યારે તંત્ર નિયમોના બહાના હેઠળ હાથ ઉંચા કરી દે છે.



---

સતત સઘન ટિકિટ ચકાસણી ઝુંબેશની અસર

# રેલવેના વાણિજ્ય વિભાગે 18 કરોડની આવક મેળવી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.25

પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગના વાણિજ્ય વિભાગની ટિકિટ ચકાસણી ટીમે નાણાકીય વર્ષ 2025-26માં 22 માર્ચ 2026 સુધીમાં સઘન ટિકિટ ચકાસણી ઝુંબેશ દ્વારા 18 કરોડની આવક મેળવીને એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા અનુસાર કાયદેસર મુસાફરોને સરળ અને સલામત મુસાફરી પૂરી પાડવા અને ટિકિટ વિનાની/અનિયમિત મુસાફરીને અસરકારક રીતે રોકવા માટે વડોદરા વિભાગ સતત સઘન ટિકિટ ચકાસણી ઝુંબેશ ચલાવે છે. વિભાગના વાણિજ્ય વિભાગની ટિકિટ ચકાસણી ટીમે નાણાકીય વર્ષ 2025-26 ના 22 માર્ચ સુધીમાં 18 કરોડની આવક પ્રાપ્ત કરી છે. આ સિદ્ધિ સઘન અને નિયમિત ટિકિટ ચકાસણી ઝુંબેશ, વધેલી ક્ષેત્ર દેખરેખ અને તકેદારીને મજબૂત બનાવવા અને મુસાફરોમાં પાલન સુનિશ્ચિત કરવાના પ્રયાસોનું પરિણામ છે. આ સફળતા ટીમના સંકલિત પ્રયાસો, અસરકારક દેખરેખ અને કાર્યક્ષમતાને પ્રતિબિંબિત કરે છે. વડોદરા વિભાગ મુસાફરોની સેવાઓમાં સુધારો અને આવકમાં વધારો કરવા માટે સતત પ્રયત્નશીલ છે.




---

સ્માર્ટ સિટી સંસ્કારી નગરી કે 'ભુવા નગરી' ?

# વગર વરસાદે ઠેર-ઠેર ગાબડાં, જનતાના જીવ જોખમમાં મૂકાયા

(પ્રતિનિધિ), વડોદરા, તા. ૨૫

'સંસ્કારી નગરી' તરીકે ઓળખાતું આપણું વડોદરા આજે દુર્ભાગ્યવશ 'ખડોદરા' અને 'ભુવા નગરી' તરીકે ઓળખાવા લાગ્યું છે. સ્માર્ટ સિટીના સપના જોતા વડોદરાના નગરજનો માટે આજે રસ્તા પર નીકળવું એ જીવના જોખમે ખેલવા જેવું બની ગયું છે. આશ્ચર્યની વાત તો એ છે કે, હજુ ચોમાસાની શરૂઆત પણ થઈ નથી, વગર વરસાદે શહેરના મુખ્ય માર્ગો પર ઠેર-ઠેર મસમોટા ભુવાઓ પડી રહ્યા છે. શું આ છે આપણું સ્માર્ટ સિટી ? શહેરમાં અનેક જગ્યાએ ડ્રેનેજ લાઈનો અને પાણીની પાઈપલાઈનોમાં સર્જાતા ભંગાણને કારણે જમીન અંદરથી પોચી પડી રહી છે. તંત્ર દ્વારા કરવામાં આવતી નબળી ગુણવત્તાની કામગીરી અને દેખરેખના અભાવે કરોડોના ખર્ચે બનેલા રસ્તાઓ પત્તાંના મહેલની જેમ બેસી જાય છે. પાલિકાના ઈજનેરો અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતનો ભોગ સામાન્ય જનતા બની રહી છે. પાલિકાની કાર્યપદ્ધતિ પર સૌથી મોટો સવાલ એ છે કે, જ્યારે પણ કોઈ રસ્તા પર ભુવો પડે છે, ત્યારે તંત્ર 'ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળા મારવા' જેવો ઘાટ સર્જે છે. ભુવો પડતા જ ત્વરિત રીપેરીંગ કરવાને બદલે તેની ફરતે માત્ર બેરીકેડ મૂકીને સંતોષ માની લેવાય છે. આ બેરીકેડ 10 થી 20 દિવસ સુધી ત્યાં જ પડ્યા રહે છે, પણ કામગીરી શરૂ થવાનું નામ લેતી નથી. રાત્રિના સમયે આ બેરીકેડ વાહનચાલકો માટે જીવલેણ સાબિત થાય છે. અનેક અકસ્માતો સર્જાય છે, છતાં તંત્ર જાણે કોઈ મોટી હોનારતની રાહ જોઈને બેઠું હોય તેવું લાગી રહ્યું છે. શું વડોદરાની જનતા ટેક્સ માત્ર ભુવાઓમાં પડવા માટે અને બેરીકેડ જોવા માટે ભરે છે ? વડોદરાના નગરજનો હવે તંત્રની આ આળસુ અને બેદરકાર નીતિથી કંટાળી ગયા છે. વડોદરાના નગરજનો માંગ કરી રહ્યાં છે કે, ભુવો પડે એટલે તેના પર માત્ર બેરીકેડ નહીં, પણ 24 કલાકમાં યુદ્ધના ધોરણે કામગીરી શરૂ થવી જોઈએ. જે વિસ્તારમાં વારંવાર ભુવા પડે છે, ત્યાંના જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે કડક પગલાં લેવાવા જોઈએ.




---

યુવતીએ પોલીસ ના દ્વાર ખખડાવ્યા

# પરિણીતાને દહેજ માટે ત્રાસ, પતિ-સાસરીયાં વિરુદ્ધ ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરાના મકરપુરા વિસ્તારમાં રહેતી એક પરિણીતાએ પોતાના પતિ અને સાસરીયાઓ વિરુદ્ધ દહેજ માટે હેરાનગતિ તથા શારીરિક-માનસિક ત્રાસ આપવાના ગંભીર આક્ષેપો સાથે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. હાલ યુવતી પોતાના પિયરમાં રહેતી હોય ન્યાય માટે કાયદેસર કાર્યવાહી શરૂ કરી છે. આવેલી સ્વામી રેસીડેન્સીમાં રહેતી મનુ યાદવે નોંધાવેલી ફરિયાદ મુજબ લગ્ન તા. 23 માર્ચ 2022ના રોજ શુભમ યાદવ સાથે સમાજના રિવાજ મુજબ થયા હતા. લગ્ન સમયે યુવતીના માતા-પિતાએ અંદાજે રૂ. 20 લાખનો ખર્ચ કરીને દાગીના અને ઘરવખરી આપી હતી. છતાં લગ્નના થોડા જ દિવસોમાં સાસરીયાઓ દ્વારા દહેજ મુદ્દે ત્રાસ શરૂ કરાયો હતો. પતિ અને સાસરીયાઓ મળીને તેને અપમાનિત કરતા, જમવાનું ન આપવું, ઊંઘવા ન દેવું તેમજ ઘરમાં બંધ રાખવા જેવી હરકતો કરતા હતા. સાસુ દ્વારા બાથરૂમમાં બંધ કરી દેવી અને બહાર જવા પર પ્રતિબંધ મૂકવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. ઉપરાંત પતિ દ્વારા મારામારી અને ધમકીઓ આપવામાં આવી છે.

તેના સોનાના દાગીના સાસરીયાઓએ બેંક લોકરમાં મૂકી દીધા છે અને તેને ઉપયોગ માટે આપતા નથી. તેમજ સંતાન ન થાય તે માટે દબાણ કરાયું હોવાનો પણ આક્ષેપ કરાયો છે. તા. 26 જાન્યુઆરી 2024ના રોજ થયેલા ઝઘડામાં સાસરીયાઓએ યુવતીને ઘરમાંથી કાઢી મુકતા તે પોતાના પિયરમાં આવી રહે છે. ત્યારથી પતિ અથવા સાસરીયાઓએ કોઈ સંપર્ક કર્યો નથી.આ મામલે યુવતીએ પતિ શુભમ યાદવ, સાસુ રત્ના યાદવ અને સસરા સંજય યાદવ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

---

"ખોબે ખોબે મત આપ્યા, હવે વોટ માંગવા આવતા નહીં!"

# વોર્ડ નં.13માં ગંદકી સામે રહીશો આક્રમક બન્યા : 'ચૂંટણી બહિષ્કાર'


(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા શહેરના વોર્ડ નંબર 13 માં લોકશાહીના રક્ષકો ગણાતા જનપ્રતિનિધિઓ સામે જનતાએ યુદ્ધનું એલાન કર્યું છે. પથ્થરગેટ રોડ, મદનઝાંપા રોડ અને ઉપલા ફળિયાના રહીશોએ આગામી મહાનગરપાલિકાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની મક્કમતા દર્શાવી છે. રહીશોએ ભારે હૈયે અને આક્રોશ સાથે જણાવ્યું હતું કે, ગત ચૂંટણીમાં જે સત્તાધીશોને અમે ખોબે ખોબે મત આપીને વિજયી બનાવ્યા હતા, તે જ પ્રતિનિધિઓ આજે જનતાની હાલાકી જોવા સુદ્ધાં તૈયાર નથી. સ્થાનિકોનો ગંભીર આક્ષેપ છે કે વોર્ડના ચારેય નગરસેવકો માત્ર 'ફોટો પડામણી' માંથી ઊંચા નથી આવતા. વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓનું પડીકું વળી ગયું છે, છતાં નેતાઓ માત્ર કેમેરા સામે દેખાવ કરવામાં મશગૂલ છે. રહીશોએ આકરા શબ્દોમાં સંભળાવ્યું હતું કે, "અમારા મતોથી સત્તા ભોગવતા આ નેતાઓને હવે અમારા વિસ્તારમાં પગ મૂકવાનો કે વોટ માંગવા આવવાનો કોઈ અધિકાર નથી." નળ વાટે આવતું પીવાનું પાણી એટલું ગંદુ અને દુર્ગંધયુક્ત છે કે તેમાં જીવડાં પણ જોવા મળે છે. આ ગંદા પાણીને કારણે ઘરે-ઘરે માંદગીના ખાટલા છે. તે ઉપરાંત, રોજિંદા ધોરણે રસ્તાઓ પર અંધારપટ છવાયેલો રહે છે કારણ કે સ્ટ્રીટ લાઈટો વારંવાર બંધ હોય છે. બિસ્માર રસ્તાઓ અને ગંદકીના ગંજ વચ્ચે જીવતી જનતા હવે આરપારના મૂડમાં છે. ચૂંટણી બહિષ્કારની ચીમકી આપતા રહીશોએ એકસૂરે સૂત્રોચ્ચાર કર્યા હતા કે, "હવે પછી ક્યારેય વોટ માંગવા આવવું નહીં." જે પ્રતિનિધિઓ ચૂંટાયા પછી જનતાને ભૂલી ગયા છે, તેમને પાઠ ભણાવવા માટે સમગ્ર વોર્ડ નંબર 13 ના રહીશોએ એકત્રિત થઈને મતદાનનો ત્યાગ કરવાનો નિર્ણય લીધો છે.



---

## અલકાપુરીમાં ટેમ્પો અને ફોર વ્હીલર વચ્ચે અકસ્માત






■ વડોદરા અલકાપુરી જીઇબી ત્રણ રસ્તા પાસે રોંગ સાઇડ આવતા ટેમ્પાએ કારને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એટલો ગંભીર હતો કે કારની બે એરબેગ ખુલી જતાં મોટી જાનહાનિ ટળતા હાશકારો થયો હતો. ઉલ્લેખનિય છે કે, અહીં ટ્રાફિક પોઇન્ટ હોવા છતાં લોકો રોંગ સાઇડ વાહનો લઇને પસાર થતાં હોય છે તો આ અંગે ટ્રાફિક પોલીસની કામગીરી પર અનેક સવાલો ઊભા થયા છે.

---

તંત્રની બેદરકારી કે મેન્ટેનન્સનો અભાવ?

# માણેજાના માર્ગો પર 'પાણીની નદી': પાઈપલાઈન લાઈન તૂટતા જળબંબાકાર

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા શહેરના દક્ષિણ વિસ્તારમાં આવેલ માણેજા ગામ પાસે આજે વહેલી સવારે પીવાના પાણીની મુખ્ય લાઈનમાં અચાનક ભંગાણ સર્જાતા લાખો લિટર શુદ્ધ પાણી ગટરમાં વહી ગયું હતું. આ ઘટનાને પગલે માર્ગો પર નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. એક તરફ શહેરના અનેક વિસ્તારો પાણીની તંગીનો સામનો કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ આટલા મોટા પ્રમાણમાં પાણીનો બગાડ થતા સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. માણેજા ગામ પાસે લાઈન ફાટતા જ પાણીનો પ્રવાહ એટલો તીવ્ર હતો કે જોતજોતામાં આખો રસ્તો પાણીથી તરબતર થઈ ગયો હતો. વાહનચાલકોને અવરજવરમાં ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જોકે, આ જળબંબાકાર વચ્ચે કુદરતનો એક અલગ નજારો પણ જોવા મળ્યો હતો, જ્યાં રસ્તા પર ભરાયેલા પાણીમાં અનેક પક્ષીઓ ઉતરી આવ્યા હતા અને સ્નાન કરતા નજરે પડ્યા હતા. ઘટનાની જાણ થતા જ કોર્પોરેશનના ટેકનિકલ અધિકારીઓ અને કર્મચારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સમારકામની કામગીરી હાથ ધરી હતી. લાઈન રિપેર કરવા માટે પાણીનો પુરવઠો કાપી નાખવામાં આવ્યો હતો, જેના કારણે આસપાસના વિસ્તારોમાં પાણી કાપની સ્થિતિ સર્જાઈ શકે છે. સ્થાનિકોનું કહેવું છે કે જો તંત્ર દ્વારા સમયસર લાઈનોનું નિરીક્ષણ કરવામાં આવતું હોત, તો આ રીતે લાખો લિટર પાણીનો વ્યય અટકાવી શકાયો હોત.



---

165 વર્ષ જૂનો વેપાર ઠપ : ફૂલમાળી સમાજમાં ભારે આક્રોશ

# ન્યાયમંદિરના ફૂલબજારમાં પાલિકાતંત્રની 'રેલિંગ' નડી

(પ્રતિનિધિ), વડોદરા, તા. ૨૫

શહેરના હાર્દ સમાન ન્યાયમંદિર વિસ્તારમાં વર્ષોથી ફૂલોનો વ્યવસાય કરી ગુજરાન ચલાવતા ફૂલમાળી સમાજના વેપારીઓમાં હાલ પાલિકા તંત્રની કામગીરીને લઈને ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ન્યાયમંદિરની આસપાસ સુરક્ષા અને અન્ય કારણોસર લગાવવામાં આવેલી લોખંડની જાળીઓને કારણે ગ્રાહકો દુકાનો સુધી પહોંચી શકતા નથી, જેને પરિણામે વેપારીઓનો ધંધો 75% જેટલો ઘટી ગયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વેપારીઓના જણાવ્યા અનુસાર, તેઓ અહીં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાપના થઈ તે પહેલાના, એટલે કે અંદાજે 165 વર્ષથી વ્યવસાય કરી રહ્યા છે. તેમની પાસે વર્ષ 1953 અને 1951ની રસીદો જેવા ઐતિહાસિક પુરાવાઓ પણ ઉપલબ્ધ છે. વેપારીઓએ જણાવ્યું હતું કે, જ્યારે પણ શહેરમાં કોઈ ધાર્મિક આરતી કે જાહેર પ્રસંગ હોય ત્યારે તેઓ તંત્રને સાથ આપી પોતાની દુકાનો સ્વેચ્છાએ બંધ રાખે છે, છતાં અત્યારે તેમને અન્યાય થઈ રહ્યો છે. તંત્રની વૈકલ્પિક વ્યવસ્થાથી અસંતોષ વેપારી દક્ષ માળી અને કાલિદાસ માળીએ મીડિયા સમક્ષ વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કમિશનરે અગાઉ મુલાકાત લઈને વ્યવસ્થિત નાની દુકાનો બનાવી આપવાનું આશ્વાસન આપ્યું હતું. જોકે, હાલ જે જગ્યા ફાળવવામાં આવી છે ત્યાં અસામાજિક તત્વો દ્વારા જાળીઓ તોડી નાખવામાં આવી હોવાથી અસુરક્ષિત વાતાવરણ છે. હાલમાં આ વિસ્તારના નાના વેપારીઓ અને તેમના પરિવારોની આજીવિકા પર મોટું સંકટ આવી પડ્યું છે. ફૂલમાળી સમાજના લોકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો વહેલી તકે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો તેઓ આગામી સમયમાં ઉગ્ર લડત આપશે.

---

પૂર્વ સૂચના વિના લોકસભામાં ખરડો પસાર કરાતા પેન્શનરોમાં ભારે રોષ

# કલેક્ટર કચેરીએ પેન્શનરોની રજૂઆત, નવા કાયદાને 'કાળો કાયદો' ગણાવ્યો

(પ્રતિનિધિ), વડોદરા, તા. ૨૫

કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં લાવવામાં આવેલા 'માન્યતા અધિનિયમ-૨૦૨૫'ના વિરોધમાં દેશભરના પેન્શનરોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. આ કાયદાના વિરોધમાં આજે All India State Pensioners Federationના બેનર હેઠળ વડોદરા જિલ્લા કલેક્ટર કચેરીએ પેન્શનરો દ્વારા ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી અને કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.

ફેડરેશનના પ્રતિનિધિઓએ આક્ષેપ કર્યો હતો કે તા. ૨૫ માર્ચ, ૨૦૨૫થી અમલમાં આવેલા આ કાયદા દ્વારા સરકારને પેન્શનરોમાં વર્ગીકરણ કરવાનો અધિકાર મળી ગયો છે. જેના કારણે નિવૃત્તિની તારીખના આધારે પેન્શનના હક્કોમાં ભેદભાવ ઊભો થવાનો ખતરો સેવાઈ રહ્યો છે.પ્રતિનિધિઓના જણાવ્યા મુજબ આ કાયદો કોઈપણ પૂર્વ સૂચના વિના લોકસભામાં નાણા બિલના ભાગરૂપે પસાર કરવામાં આવ્યો હતો, જે લોકશાહી મૂલ્યોના વિરુદ્ધ હોવાનું તેઓએ જણાવ્યું હતું.ગુજરાત રાજ્ય પેન્શન સંકલન સમિતિના ઉપપ્રમુખ રાજેશ પટેલે જણાવ્યું હતું કે "આ વેલિડેશન એક્ટના કારણે જૂના પેન્શનરોને મોટું આર્થિક નુકસાન થવાની શક્યતા છે. આ કાયદાને કારણે પેન્શનરો આઠમા પગાર પંચની ભલામણોના લાભોથી પણ વંચિત રહી શકે છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે સરકારને પોતાની મરજી મુજબ ફેરફાર કરવાની સત્તા આપવામાં આવતા પેન્શનરોનું ભવિષ્ય જોખમમાં મુકાઈ શકે છે.

આ કાયદાના વિરોધમાં દેશભરના પેન્શનરો દ્વારા આજે 'કાળો દિવસ' મનાવવામાં આવ્યો હતો. વડોદરા કલેક્ટર કચેરી ખાતે એકત્ર થયેલા પેન્શનરોએ સૂત્રોચ્ચાર કરી સરકારને આ ખરડો તાત્કાલિક પાછો ખેંચવાની માંગ કરી હતી.

